| **મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૯ માં, અમદાવાદ.** |
|---|

| ફોજદારી કેસ નંબર:– 1008 | વર્ષ:– 2013 |
|---|---|

**ફરીયાદી** **:–** શ્રી સરકાર

**વિરૂઘ્ઘ**

**આરોપી** **:–** ચંદ્રેશભાઈ ઘનશ્યામભાઈ સાઘુ + ૧

**બાબત :–** ક્રિ.પ્રો.કોડનીકલમ–૩૨૧ મુજબ ફોજદારી કેસ પરત ખેંચવાની અરજી

**આધાર :–** નં.ડીસી/સીટીઝેડ/મેટ્રો.કોર્ટ/લોકઅદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૨૧, તારીખ–૦૬/૦૭/૨૦૨૧

**મે. સાહેબશ્રી,**

સવિનય ઉપરોકત વિગતે જણાવવાનું કે, મે. કલેકટર કચેરી અને જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, અમદાવાદનાઓ ઘ્વારા સદર કેસ સબંઘીત એ.પી.પીશ્રી તરીકે અમોને આ કેસ આપ નામદાર સાહેબશ્રીની કોર્ટમાંથી પરત ખેંચી લેવા મંજુરી આપવામાં આવેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા નથી અને તે મળી આવવાની શકયતા પણ જણાતી નથી. રાજય સરકાર ઘ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પરિપત્રો તેમજ નામદાર સુપ્રિમકોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના આ બાબતના (કેસ લો) ઘ્યાને લેતા આ કેસ પરત ખેંચવા અંગે તે મુજબ યોગ્ય હુકમ કરવા માટે મહે. કરશોજી.

તારીખ:–૧૧/૧૨/૨૦૨૧
સ્થળ :–અમદાવાદ.

(ડી.એસ. ઠાકોર)
આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટર
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૯, અમદાવાદ.

**આધાર:–** ચેરમેન સાહેબ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કમીટી અને ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કચેરીના નોટીફિકેશન નં. ૪/૨૦૨૧, તારીખ–૦૫/૦૭/૨૦૨૧

---

**<u>ફોજદારી કેસ નંબર</u>:– 1008/2013**

**<u>પરવાનગી અરજી અન્વયે હુકમ :–</u>**

સાંભળ્યા, સરકારી વકીલશ્રી ની રજુઆત તથા હાલની આ અરજી વંચાણે લીધી તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદના પત્ર ક્રમાક નંબર–ડીસી/ સીટીઝેડ/મેટ્રો કોર્ટ/ લોક અદાલત/ડોરમેન્ટ કેસ પરત/૨૦૨૧, તારીખ–૦૬/૦૭/૨૦૨૧, અન્વયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી ધ્વારા સદર કેસ પરત ખેચવા અંગે મંજુરી આપવામા આવેલ છે જે પત્ર વંચાણે લેવા માં આવેલ છે.

આ કેસ ડોરમેન્ટ ઉપર મુકવામાં આવેલ કેસ છે. આરોપી/ આરોપીઓ ઘણા લાબાં સમયથી મળી આવતા નથી. કેસનુ રેકર્ડ જોતા આરોપી ઉપર પ્રોસેસ કરવા છતા તેઓ ને અદાલતમાં તપાસ કરનાર એજન્સી ધ્વારા લાવી શકાયેલ નથી. કેસ જુનો છે વધુ ગંભીર ગુના નો કેસ નથી. રાજ્ય સરકાર ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પરીપત્રો તેમજ નામદાર સુપ્રિમકોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના આ બાબતના (કેસ લો ) ધ્યાને લેતા સદર કેસમાં જયારે જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી ધ્વારા આ બાબતે લેખીત આદેશ કરવામાં આવેલ છે આ તમામ હકીકતો ધ્યાન સમક્ષ રાખતા ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૩૨૧ અન્વયે અત્રેની અદાલતના ઈન્ચાર્જ સરકારી વકીલશ્રી આ કેસ પરત ખેચવાની પરવાનગી આપી વીડ્રોઅલથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને/ આરોપીઓ ને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨) <u>મુદામાલ અંગે</u>**

(૧) બીન કીમતી મુદામાલનો અપીલ સમય પુરો થયેથી ધોરણ સર નીકાલ કરવો.

(૨) મુદામાલ દારુ નો અપીલ સમયબાદ ધોરણસર નીકાલ કરવો.

(૩) આરોપી જો રોકડ જામીન ઉપર છુટેલ હોય કે આરોપી પાસેથી રોકડા નાણા કબ્જે લીધેલ હોય તો અપીલ સમયબાદ નીયમઅનુસાર સરકાર દાખલ કરવા.

(૪) અદાલતે વચગાળાના મુદામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમને કાયમ કરવામાં આવે છે.

(૫) કબ્જે લેવાયેલ મુદામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ના હોય અને કબ્જે લેવાયેલા મુદામાલની કીંમત ઉપજી શકે તેમ હોય તો આવો મુદામાલ અપીલ સમય પુરો થયા પછી ધોરણસર નીકાલ લાવી ઉપજેલ નાણા સરકાર દાખલ કરવા.

– ચેરમેનશ્રી વ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગ નું આયોજન કરવામાં આવેલ છે આથી આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ આ સ્પેશીયલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી લખી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તારીખ:–૧૧/૧૨/૨૦૨૧
સ્થળ :–અમદાવાદ.

(દિલીપસિંહ ભાવસિંહજી ગોહીલ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.
**(GJ00757)**